## કોરોના કોર્નર

- દેશના જાણીતા ટીવી જર્નાલીસ્ટ અને આજતકના લોકપ્રિય એન્કર રોહિત સરદાનાનું કોરોનાથી મૃત્યુ.
- ભારત ચાર લાખ પચાસ હજાર રેમડેસિવિર ઈન્જેક્શનની આયાત કરશે. આજે પંચોત્તેર હજારનો પ્રથમ જથ્થો ભારત પહોંચશે.
- સોલા સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન, વેન્ટિલેટર અને આઈસોલેશન તમામ બેડ ભરાઈ ચૂક્યા છે.
- ગાંધીનગરમાં બારસો બેડની હોસ્પિટલ હવે સેક્ટર-૧૭ માં નહિ પણ મહાત્મા મંદિરમાં ઉભી કરાશે.
- બિહારના ચીફ સેક્રેટરી અરૂણકુમારનુ કોરોનાથી નિધન.
- ભારતના પૂર્વ એટર્ની જનરલ સોલી સોરાબજીનું એકાણુ વર્ષની વયે નિધન.
- કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ અમરેલી સિવિલ હોસ્પિટલ અને રાજુલામાં ઓક્સિજન પ્લાન્ટ માટે એક કરોડની ગ્રાન્ટ ફાળવી.
- મહેસાણા દૂધ સાગર ખાતે ઓક્સિજન પ્લાન્ટ સ્થપાશે.

## જન્મદિને વધામણી


શૌર્ય દત્તેશકુમાર બ્રહ્મભટ્ટ
નરસિંહપુર, તા.કપડવંજ


દૈવિક દ્વિજલકુમાર ધુવાડ
મોડાસા


આનંદગીરી ગોસ્વામી
(પત્રકાર) રાજેન્દ્રનગર


અશોકભાઈ પટેલ
(કલાર્ક : બાયડ હાઈસ્કુલ)
બાયડ


વિશાલ આર. મોઢપટેલ
આકરૂન્દ, તા.ધનસુરા


મુકેશભાઈ બી. પ્રજાપતિ
(આચાર્ય : મોટાલાલપુર પ્રા.શાળા, તા.બાયડ)
બાયડ


રાજુભાઈ બારોટ
(ઘનશ્યામનગર સોસાયટી)
બાયડ


કૈલાસબેન કે. પ્રજાપતિ
(પ્રાદેશિક કમિશનર કચેરી (નગરપાલિકા),
ગાંધીનગર, ગાંધીનગર


બાબુલાલ બી. પટેલ
(નિવૃત્ત નાયબ મામલતદાર)
સાયરા(મોડાસા)


રાકેશભાઈ કે. પટેલ
બાયડગામ


મનહરભાઈ એ. બારોટ
બાયડ (પુંસરી)


બી. એમ. પટેલ
(નિવૃત્ત પી.એસ.આઈ.)
ગાંધીનગર


ડૉ. જીવાજી છગનજી ઠાકોર
(પૂર્વ સરપંચ : આંબલિયારા ગ્રામ પંચાયત)
આંબલિયારા, તા.બાયડ


રમેશભાઈ ચંડી
(નિવૃત્ત મામલતદાર)
નડીયાદ, જિ.ખેડા


સરીતાબેન પ્રવિણસિંહ પરમાર
બાયડગામ


**ઘરમાં રહો**
**સુરક્ષિત રહો**

# આજથી ઉત્તર ગુજરાતમાં એકમાત્ર મહેસાણા જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના યુવાનોને કોરોના વેક્સિનેશન

### સૌથી વધુ રાજ્યના ૧૦ કોરોનાગ્રસ્ત જિલ્લામાં રસીકરણ અભિયાનની શરૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ગુજરાતમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના યુવાનો માટે કોરોના સામેની રસી આપવાનું અભિયાન તા.૧ મે. થી શરૂ થઈ રહ્યું છે ત્યારે રસીના ઓછા ડોઝના કારણે ગુજરાત સરકાર દ્વારા કોરોનાથી સૌથી વધુ અસરગ્રસ્ત ૧૦ જિલ્લાઓમાં આજથી ૧૮ વર્ષથી ઉપરના યુવાનોને કોરોના વેક્સિન આપવાની શરૂ થશે જેમાં ઉત્તર ગુજરાતના એકમાત્ર મહેસાણા જિલ્લામાં વેક્સિનેશનની શરૂઆત થશે પરંતુ તે માટે રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવ્યું છે.

**કયા ૧૦ જિલ્લામાં આજથી રસીકરણ...**
ગાંધીનગર, મહેસાણા, કચ્છ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, ભરૂચ, અમદાવાદ.

પ્રાપ્ત જાણકારી અનુસાર તા.૧ મે. થી ૧૮ વર્ષથી ઉપરના યુવાનોને કોરોના સામેના જંગમાં સુરક્ષિત બનાવવાના ભાગરૂપે દેશ વ્યાપી અભિયાન શરૂ થવાનું હતું પરંતુ અનેક રાજ્યો પાસે પૂરતા પ્રમાણમાં કોરોના રસીના ડોઝ પહોંચ્યા ન હતા. ગુજરાતમાં પણ એક પખવાડીયાનો વિલંબ થાય તેવી સંભાવના હતા પરંતુ સરકારે વેક્સિનેશન આજથી શરૂ થઈ જાય તેના ભાગરૂપે રાજ્યના ૧૦ જિલ્લા કે જ્યાં સૌથી વધુ કોરોનાના કેસ નોંધાયા છે તેમને આવરી લઈને ૧૮ વર્ષથી ઉપરના યુવાનો માટે કોરોના વેક્સિનેશન ઝુંબેશ શરૂ થઈ છે. ગુજરાતમાં કોવિશિલ્ડ અને બાયોટેક કો.વેક્સિનના ડોઝ મળ્યા છે. ગુજરાતમાં ૧,૨૦,૦૦,૦૦૦ લોકોને વેક્સિન આપવાનો અંદાજ લગાવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૬ લાખ લોકોને કોરોના રસીનો પ્રથમ ડોઝ અને ૨૧.૯૩ લાખ લોકોને બીજો ડોઝ અપાયો છે. સમગ્ર રાજ્ય વ્યાપી કોરોના રસી અભિયાનમાં કોઈ અડચણ ઉભી ન થાય તે ધ્યાને રાખી શરૂઆતમાં ૧૦ કોરોનાગ્રસ્ત જિલ્લાઓમાં રસીકરણ અભિયાનની શરૂઆત થવા જઈ રહી છે.

# સાબરકાંઠા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર નિવૃત્ત થયા

### નિવૃત્તમય જીવન સુખમય બની રહે તેવી શુભકામનાઓ અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર જશુભાઈ જે. પટેલ(જે.જે.પટેલ) વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે. તેમનું નિવૃત્તિમય જીવન સુખમય બની રહે તેવી સૌએ શુભકામનાઓ પાઠવી હતી.



સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ ક્ષેત્રે કરેલા ઉમદા કાર્યો અને જિલ્લામાં જળભંડાર સમૃદ્ધ બને તે માટે તેમને લીધેલા અનેક નિર્ણયો યાદગાર સંભારણું બની રહેશે. સહકારી આગેવાન અને રૂવચ દૂધ મંડળીના ચેરમેન લલિતભાઈ પટેલે કાર્યપાલક ઈજનેર નિવૃત્ત થતાં તેમનું શ્રેષ્ઠ જીવન સુખમય બની રહે અને તેઓ સમાજ અને રાષ્ટ્ર માટેની ભૂમિકામાં જોડાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# અવસાન નોંધ

બાયડ : બાયડની વલ્લભનગર સોસાયટીમાં રહેતા મહેશભાઈ જોષી(નિવૃત્ત શિક્ષક : સી.જી.બુટાલા હાઈસ્કુલ-મોડાસા)ના સસરા અને નિતાબોન જોષી(મુખ્ય શિક્ષક : વલ્લભનગર પ્રા.શાળા)ના પિતા હરીશચંદ્ર છગનલાલ રાવલ(નિવૃત્ત પ્રિન્સિપાલ : ઈસરી હાઈસ્કુલ)નું નિધન થયેલ છે.



# ગુજરાતમાં કોરોનાના નવા ૧૪૬૦૫ કેસ નોંધાયા

### રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭૩ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૪૧૮૫૪૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૩૦

રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. ત્યારે ચાર મહાનગરોમાં જાણે કે કોરોનાનો રાફડો ફાટ્યો હોય એમ કેસ મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૬૦૫ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૦,૧૮૦ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૧૮,૫૪૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૭૩.૭૨ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૯૬,૯૪,૭૬૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૩,૯૨,૪૯૯ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૨૦,૮૭,૨૬૬ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૫૩,૨૧૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૯૪,૩૭૭ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૪૨,૦૪૬ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૬૧૩ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૪૧,૪૩૩ લોકો સ્ટેબલ છે. ૪,૧૮,૫૪૮ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૭,૧૮૩ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૨૩, સુરત કોર્પોરેશનમાં ૧૬, રાજકોટ કોર્પોરેશનમાં ૧૪, વડોદરા કોર્પોરેશનમાં ૧૧, જામનગર કોર્પોરેશનમાં ૯, ભાવનગર કોર્પોરેશનમાં ૫, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૩ દર્દીના મોત થયા છે. આ ઉપરાંત મહેસાણામાં ૩, જામનગરમાં ૮, સુરતમાં ૭, દાહોદમાં ૩, વડોદરામાં ૬, બનાસકાંઠામાં ૧, પાટણમાં ૨, ભાવનગરમાં ૫, સુરેન્દ્રનગરમાં ૭, અમરેલીમાં ૨, ગાંધીનગરમાં ૨, સાબરકાંઠામાં ૯, કચ્છમાં ૫, જૂનાગઢમાં ૫, ભરૂચમાં ૨, મહિસાગરમાં ૨, વલસાડમાં ૪, અરવલ્લીમાં ૨, પંચમહાલમાં ૨, મોરબીમાં ૩, છોટા ઉદેપુરમાં ૧, પોરબંદરમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૨, રાજકોટમાં ૩ અને બોટાદમાં ૩ દર્દીઓના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ ૧૭૩ દર્દીઓના મોત થયા છે.

